ગાંધીનગર સમાચાર

**શહેરમાં ગરમી વધી : પુનઃ મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી**

# પ્રવેશોત્સવના પ્રારંભ પૂર્વે પરિણામનું મૂલ્યાંકન કરજો

## નામાંકન પછી સ્થાયીકરણ અને ગુણવત્તાસભર શિક્ષણ માટે તંત્ર આ પ્રવેશોત્સવમાં ગંભીર બન્યુ છે




ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકારે પ્રવેશોત્સવની સાથે ગુણવત્તાસભર શિક્ષણના આયમ્નો ઉમેરો કરતાં પહેલીવાર પ્રવેશોત્સવ માટે જતા અધિકારીઓને શાળાના પરિણામની ચકાસણી કરવા માટે પણ સુચવ્યુ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રવેશોત્સવ માટે જનાર ખાસ કરીને ૫ થી ૮ તેમજ ૮માં ધોરણમાં ૯માં પ્રવેશ મેળવનાર બાળકોના મૂલ્યાંકનની ચકાસણી કરવાની રહેશે એટલુ જ નહિ તે માટે શિક્ષકો સાથે પરામર્શ કરી મૂલ્યાંકન વિશેના અભિપ્રાયો પણ અલગથી નોંધવાના રહેશે.

રાજ્ય સરકારે આ વખતે પ્રવોશોત્સવ માટેની તદન નવી દિશા ચાતરી છે જેમાં બાળકોના કરાયેલા મૂલ્યાંકનની સાથે સાથે બાળકના સ્થાયીકરણ ઉપરાંત ગામમાં નિરક્ષરતાનું પ્રમાણ કેવુ છે તે વિશે પણ ચર્ચા કરવાની તેમજ ગામમાં ચાલતા વિકાસ કામની મુલાકાત લઈ તેની પ્રગતિ અંગે પોતાના અહેવાલમાં નોંધ કરવાની રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અંગે ચાલતી કામગીરી બાબતે પણ સમીક્ષા કરવાની રહેશે. આ ઉપરાંત ગામમાં જળસંચયની પ્રવૃત્તિ વિકસે તેનો ઉલ્લેખ તેમના પ્રેરક ઉદ્‌બોધનમાં પણ અવશ્ય કરવાનો રહેશે.

સરકારે રોજની બે શાળાઓ જ પ્રવેશોત્સવમાં આવરી લેવાય તેવો પણ આગ્રહ રાખ્યો છે. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા નિરીક્ષરતા અને પરિણામ ચકાસણી માટે ખાસ આગ્રહ કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં જનાર અધિકારીએ શાળાના ડ્રોપ આઉટ રેસિયા માટે પણ શિક્ષકો સાથે બેઠક કરી અને સ્થાયીકરણ માટે તેમણે કરેલા પ્રયાસોની જાણકારી પણ મેળવવાની રહેશે.

રાજ્ય સરકારે ૨૦૦૨ થી અમલી બનાવેલ શાળા પ્રવેશોત્સવમાં પહેલીવાર બાળકના સ્થાયીકરણની સાથે ગુણવત્તાસભર શિક્ષણને પણ સાંકળી લઈ એક નવી જ દિશાનું પગલુ ભર્યુ છે.

શિક્ષણમાં સામાન્યતઃ ત્રણ મહત્વની બાબત છે જેમાં નામાંકન આ પછી બાળકનું સ્થાયીકરણ અને ત્રીજુ ગુણવત્તાસભર શિક્ષણ. આમ ત્રણેય બાબતો પર આ વખતે ભાર મુકવામાં આવનાર હોવાનું સરકારે સ્વીકાર્યું છે.

રાજ્ય સરકારે બાળકના આરોગ્યની પણ ચિંતા કરી વાહકજન્ય રોગ કે પાણીજન્ય રોગનો શિકાર બાળક ના બને તે માટે સંકુલની સ્વચ્છતાની ચકાસણી, બાળકને અપાતી શિષ્યવૃત્તિ અંગેની સમજ આપવા તેમજ આરોગ્ય વિષયક સેવાઓ અંગે આશા વર્કરો સાથે વાર્તાલાપ પ્રેરક ઉદ્‌બોધન પહેલા થાય તેના પર ભાર મુક્યો છે.

## શાળાઓમાં ભૂગર્ભ જળસંચય અભિયાન ઉપાડવા આહવાન

### ૧૫મી શૃંખલાના આરંભ પૂર્વે સચિવશ્રીઓ-અધિકારીઓની માર્ગદર્શન બેઠકમાં મુખ્યમંત્રીનું પ્રેરક ઉદબોધન

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આગામી કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં શાળાઓમાં ભૂગર્ભ જળ ટાંકાનું નિર્માણ કરી વરસાદી પાણીનો બારેમાસ સંગ્રહ-ઉપયોગ કરવાનું નવતર અભિયાન ઉપાડવાનું પ્રેરક આહવાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રાથમિક શાળાઓની આગાશી-ધાબાની સફાઈ કરી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપની પણ સાફસફાઈ કર્યા બાદ વરસાદી પાણીને શાળા સંકુલમાં ભૂગર્ભ જળ સંગ્રહના ટાંકાઓ બનાવી તેમાં ઉતારી શકાય. આ કામગીરીમાં શાળા પરિવાર સાથે ગ્રામજનોની સહભાગીતા પ્રેરિત કરવા તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આગામી ૮ થી ૧૦ જૂન ગ્રામીણ ક્ષેત્રોમાં તથા ૧૫ થી ૧૭ જૂન દરમ્યાન શહેરી વિસ્તારોમાં યોજાનારી કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવની સફળતમ ૧૫મી શૃંખલાની પૂર્વતૈયારીઓની સમીક્ષા તથા આ અભિયાનમાં જોડાનાર અધિકારીઓની બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમાએ આ વર્ષના શાળા પ્રવેશોત્સવની વિશેષતાઓની છણાવટ કરતાં પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, અભિયાન દરમ્યાન દરરોજ બે શાળાઓ સાથે માધ્યમિક શાળામાં પણ અધિકારીઓએ જવાનું છે.

બાળકો પાસે તેમની કક્ષાનુસાર વાંચન-લેખન-ગણન કરાવવાનું સૂચન પણ તેમણે અધિકારીઓને કર્યું હતું.



# બ્લડ બેંક ઓન વ્હોટ્સએપ-શહેરના યુવાનોની અનોખી પહેલ

**ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા સ્વૈચ્છિક રક્તદાતાઓનું વ્હોટ્સએપ ગૃપ બનાવાયું : ૧૬૦થી વધુ રક્તદાતાઓ જોડાયા : ગૃપમાં માત્ર રક્તદાન અંગે જ વાત : રોજના ૪ થી ૫ કેસમાં રક્તદાન પુરૂ પડાય છે**

ગાંધીનગર, તા. ૩

રક્તદાન એ જીવનદાન છે, રક્તદાન મહાદાન છે આ બાબત તમામ વ્યક્તિઓ જાણે છે, પરંતુ જ્યારે રક્તદાન કરવાની વાત આવે ત્યારે અનેક વ્યક્તિઓના પગ પાણી પાણી થઈ જતા જોવાય છે. ગાંધીનગરના કેટલાક યુવાનો દ્વારા સોશ્યલ મિડીયાના ઉપયોગ દ્વારા ૧૬૦ જેટલા સ્વૈચ્છિક રક્તદાતાઓનું ગૃપ તૈયાર કરાયું છે જે જરૂરિયાતમંદ દર્દીઓને તુરંત જ રક્તદાનની મદદ કરવા પોતાની ગાંઠનું ગોપીચંદન કરીને ઘસી જાય છે.

સેવાની ભાવનાને વરેલા શહેરના કેટલાક યુવાનો નિયમિત રીતે રક્તદાનની પ્રવૃત્તિ કરતા હતા. આ પ્રવૃત્તિ દરમ્યાન તેમને ધ્યાનમાં આવ્યું કે અનેકવાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે દર્દી જરૂરિયાતમંદ હોય અને તાત્કાલિક રક્તની જરૂર હોય પરંતુ તેઓને અગાઉ કરેલા રક્તદાનને પૂરતો સમય વીત્યો ના હોવાથી તે દર્દીની મદદ કરવા અસમર્થ અને લાચાર હોય. આ પ્રકારના અનુભવોને કારણે એક દિવસ તેમને વિચાર સ્ફૂર્યો કે આપણે સ્વૈચ્છિક રક્તદાતાઓનું એક ગૃપ બનાવવું જોઈએ. શહેરમાં અનેક સેવાભાવી નગરજનો રક્તદાન કરવા તત્પર હોય છે પરંતુ સંપર્કના અભાવે ખરા સમયે તેમની મદદ લઈ શકાતી નથી. બસ, આ વિચારથી જન્મ્યુ વ્હોટ્સએપ બ્લડ બેંક ગૃપ. અને તેમના આ સદ્‌વિચારને સેવાભાવી રક્તદાતાઓએ વધાવી લીધો અને જોત જોતામાં આ ગૃપમાં સ્વૈચ્છિક રક્તદાતાઓની સભ્ય સંખ્યા ૧૬૦ ઉપર પહોંચી જવા પામી છે.




બ્લડ બેન્ક ઓન વ્હોટ્સએપ ગૃપની ખાસિયત એ છે કે આ ગૃપમાં રક્તદાન સિવાયના કોઈપણ મેસેજીસ જેવા કે ગુડ મોર્નિંગ, ગુડ નાઈટ સુદ્ધાં કરવા પર પ્રતિબંધ રાખવામાં

● અનુસંધાન પાન-૭ પર

### સ્વૈચ્છિક રક્તદાન ગૃપમાં જોડાવા મેસેજ કરો

બ્લડ બેન્ક ઓન વ્હોટ્સએપ ગૃપમાં સામેલ થવા માંગતા શહેરના સ્વૈચ્છિક રક્તદાતાઓએ પોતાના વ્હોટ્સએપ નંબરથી ગૃપના એકત્રીત સભ્યોમાંથી કોઈ એકને પોતાના નામ, સરનામા તથા બ્લડ ગૃપની વિગત સાથે એક મેસેજ મોકલવાનો છે. આ સાથે આ ગૃપ સ્વૈચ્છિક હોઈ તેના આદર્શો અને નિયમોનું પાલન કરવાની બાંહેધરી પણ આપવાની છે. આ ગૃપમાં સામેલ થવા માટેના સંપર્ક નંબરો :

પૃથક ઠક્કર - ૯૫૭૪૫૬૭૦૪૧ ● દર્શન પટેલ - ૯૯૦૯૮૬૭૯૯૮
ઉમંગ સુથાર - ૭૪૦૫૭૩૫૭૯૨ ● હર્ષ ચૌહાણ - ૯૯૭૪૨૯૧૭૪૭
રવિકાન્ત અસરાની - ૯૯૯૮૮૦૫૪૪૦

## શહેરમાં ગરમી વધી : પુનઃ મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી

ગાંધીનગર, તા. ૩

ગરમીએ પુનઃ વસાહતીઓને હેરાન પરેશાન કરી નાંખ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને વટાવીને ૪૧.૮ ડિ.સે. નોંધાતા શહેરીજનોને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેતા ગરમીથી સહેજ રાહત મળી હતી. જો કે આજે પુનઃ મહત્તમ તાપમાન ૪૧.૮ ડિ.સે. જેટલુ નોંધાતા વસાહતીઓને કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. ઠંડા પીણા, છાશ અને બરફનો વપરાશ વધી ગયો હતો. આખો દિવસ આકરો તડકો પડતા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. આજે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા અને સાંજે ૨૩ ટકા રહ્યું હતું.

# રૂપાલા રાજ્યસભાની બેઠક પર બિનહરીફ

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં ખાલે પડેતી રાજયસભાની બેઠક ભરવા માટે યોજાયેલી પેટાચૂંટણીમાં પરશોત્તમ ખોડાભાઈ રૂપાલાને આજે બિન હરિફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે તેમ રાજયસભાની ચૂંટણી માટેના મદદનીશ નિર્વાચન અધિકારી, ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયુ છે. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોતમ રૂપાલા રાજયસભાના સાંસદ તરીકે બિનહરીફ જાહેર થયા છે. પરષોત્તમ રૂપાલાએ ગુજરાતમાંથી એક ખાલી પડેલી રાજ્યસભાની બેઠક માટે ઉમેદવારી નોંધાવી હતી. જોકે, વિધાનસભામાં બેઠકબળની દ્રષ્ટિએ જીત મેળવવી અશક્ય લાગતા છેલ્લી ઘડીએ કોંગ્રેસે પોતાનો ઉમેદવાર ઉભો નહીં રાખવાનો નિર્ણય કર્યો છે. પરિણામે રૂપાલા બિનહરીફ જાહેર થયા છે.

રૂપાલા આ બીજી વખત રાજ્યસભાના સભ્ય બન્યા છે. અગાઉ તેઓ ૨૦૦૮થી ૨૦૧૪ દરમિયાન સાંસદ હતા. ૩૦મી મેના રોજ પરષોત્તમ રૂપાલાએ ૧૨.૪૫ના વિજય મુહૂર્ત ઉમેદવારી પત્ર ભર્યુંહતું. તે સમયે પરષોત્તમ રૂપાલાની સાથે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ વિજય રૂપાણી સહિત ભાજપના અગ્રણી નેતાઓ હાજર રહ્યાં હતા. જે બાદ પત્રકારો સાથે વાત કરતાં તેમણે ફરી એક વખત રાજયસભાના સભ્યપદ માટે પક્ષ દ્વારા તેમની પસંદગી કરવામાં આવી તે અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, વિજય રૂપાણી વગેરેનો આભાર માન્યો હતો. દરમિયાન કેન્દ્રીય ઉર્જા પ્રધાન પીયુષ ગોયેલ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમ મહારાષ્ટ્રમાંથી રાજ્યસભા માટે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. ઉમેદવારીપત્ર પાછા ખેંચી લેવાની આજે અવધિ પુરી થઈ હતી. રાજ્યસભાની બેઠકો માટે મેદાનમાં રહેલા છ ઉમેદવારો ઉપલા ગૃહ માટે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે.



## ચાહ બહારના સમજૂતિ કરારથી આર્થિક વિકાસ નવી ઊંચાઈએ પહોંચશે

### વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલ પત્રકાર પરિષદમાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીનો દાવો

ગાંધીનગર, તા. ૩

ચાહ બહાર સાથે થયેલા સમજૂતી કરારને કારણે ગુજરાત અને દેશના આર્થિક વિકાસને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે તેમ કેન્દ્રના પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું છે.

તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર આગામી દિવસોમાં બંદરીય વિકાસ માટે રૂ. ૫૫ થી ૬૦ હજાર કરોડનું રોકાણ કરનાર છે. કંડલા બંદર પર આવકના થયેલા વધારાનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યુ હતુ કે ખુબ જ સારી સ્પર્ધા અને કામગીરી કચ્છમાં જોવા મળી છે.

ચાહ બહાર સાથેના સમજૂતિ કરાર મુદ્દે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આનો સીધો લાભ ગુજરાતના બંદરોને થશે અને આર્થિક ફાયદો રાજ્યને તેમજ કેન્દ્રને પણ થશે. તેમણે ગુજરાતની તાજેતરની મુલાકાતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે તેઓ અગાઉ કહી ચુક્યા છે કે એમ રૂ. બે લાખ કરોડનું રોકાણ ગુજરાતમાં કરાશે.

ભરૂચ-ગોલ્ડન બ્રિજના વિકલ્પે નવો બ્રીજ બનાવવાની કામગીરી ખુબ ઝડપથી ચાલી રહી છે અને આગામી ત્રણ-ચાર મહિનામાં તે પૂર્ણ કરી તે બ્રીજનું લોકાર્પણ કરાશે. તેમણે જણાવ્યુ કે અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ વે નું કામ પણ હાલ ગતિમાં છે.

### બેસણું




મારા ધર્મપત્ની **સ્વ. પદ્માબેન બકુલભાઈ જાદવ**નું તા. ૨/૬/૨૦૧૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૪/૬/૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : બારોટ વાસ, પાંજરા પોળ પાસે, મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર**

| | |
|---|---|
| જશુભાઈ આર. જાદવ | બકુલભાઈ જે. જાદવ (ઢોલી) |
| વિષ્ણુભાઈ આર. જાદવ | યુવરાજ બકુલભાઈ જાદવ |
| પીન્ટુ વી. જાદવ | નિતીનભાઈ જે. જાદવ (ઢોલી) |
| પ્રિન્સકુમાર એમ. જાદવ | મયુરભાઈ જે. જાદવ |
| પાર્થકુમાર એમ. જાદવ | રજનીકાન્ત જે. જાદવ |
| મનીષાબેન એચ. જાદવ | હસમુખભાઈ ટી. જાદવ |
| વંદનાબેન એમ. જાદવ | ઉર્વાબેન એચ. જાદવ (ભાણી) |
| કિંજલબેન એમ. જાદવ | |















Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com